બીનસરકારી માધ્યમિક શાળાઓ તથા પ્રાથમિક
અધ્યાપન મંદિરોને અપાતી ગ્રાન્ટ ઇન એઇડ
નું ધોરણ સુધારવા અંગે...

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: જીએસી: ૧૦૭૮: ૧૭૭૫૨-ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૩ મી માર્ચ, ૧૯૭૮

વંચાણમાં લીધા :-
શિક્ષણ વિભાગનો સરકારી ઠરાવ નંબર: જીએસી: ૧૦૭૭-૩૪૦૬૭-ગ,
તા. ૨૯-૯-૧૯૭૭.
સુધારો નં. જીએસી-૧૦૭૭-૬૪૦૪૭:ગ, તા. ૧૨-૧૦-૧૯૭૭
શિક્ષણ વિભાગનો સરકારી ઠરાવ નંબર: જીએસી: ૧૦૭૭-૩૪૦૬૭-ગ,
તા. ૨૦-૧-૧૯૭૮

આ વિભાગના ઠરાવ ક્રમાંક: જીએસી: ૧૦૭૭-૩૪૦૬૭-ગ, તારીખ ૨૦-૧-૧૯૭૮ના ફકરા ૧ ની લીટી પાંચથી નવ જે નીચે મુજબ છે

"ફકત સને. ૧૯૭૭-૭૮ના વર્ષ પુરતું જ ગ્રાંટની ગણતરી વખતે ઇતર ખર્ચ પેટે પગારબીલના ખર્ચના ૧૭।। ટકા સુધી અને મકાન ભાડાની ગ્રાન્ટ બાબતે શાળાનું પોતાનું મકાન હોય તેવા કીસ્સામાં પાંચ ટકા સુધી અને શાળા ભાડાના મકાનમાં બેસતી હોય તો તેવા કીસ્સામાં ૧૨।। ટકાસુધીનું ખર્ચ માન્ય રાખવાનું આથી સરકારશ્રી ઠરાવે છે"

ને બદલે નીચે મુજબ સુધારીને વાંચવું

" ફકત સને. ૧૯૭૭-૭૮ ના વર્ષ પુરતું જ ગ્રાંટની ગણતરી વખતે ઇતર ખર્ચ પેટે પગારબીલના ૧૭।। ટકા સુધી ગ્રાંટ મળી શકશે. ભાડાના મકાનમાં બેસતી શાળાઓની બાબતમાં કાર્યપાલક ઇજનેર પાસેથી મેળવેલ પ્રમાણપત્રમાં દર્શાવેલ વ્યાજબી ભાડાની મર્યાદામાં સંસ્થાએ કરવેરા સાથેનું ચુકવેલ ભાડું પગારબીલના ૧૨।। ટકાની મર્યાદા સુધી અથવા બેમાંથી જે ઓછું હોય તે ગ્રાન્ટ માટે ગ્રાહ્ય ગણાશે. પોતાની માલીકીના મકાનમાં બેસતી શાળાઓને મકાન બાંધકામના ૫. ટકા સુધી અથવા કાર્યપાલક ઇજનેરશ્રીએ પ્રમાણીત કરેલ ભાડું બેમાંથી ઓછું હોય. તે ગ્રાંટ માટે ગ્રાહ્ય રહેશે. આવા મકાનમાં બાંધકામ ખર્ચના જમીન અને રમત ગમતના મેદાનને ગણતરીમાં લેવામાં આવશે.

આ ઠરાવ વિભાગની ફાઇલ જીએસી. ૧૦૭૮-૧૭૭૫૨-ગ, ઉપર નાણાં સલાહકારશ્રીની તા. ૨૩-૩-૭૮ ની સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ.

માધ્ય: બ-૧: ૯૫
રાજકોટ, તા. ૧૩-૪-૧૯૭૮.

નકલ જાણ તથા અમલાર્થે :-
જિલ્લાની તમામ બીન સરકારી માધ્ય. શાળાઓ, સંસ્થાઓ તરફ
૭૭-૭૮ના વર્ષ પુરતો આ કચેરીના પત્ર નં. માધ્ય: બ-૧: ૩૩૪૫ તારીખ
૧-૨-૭૮ સાંનો સુધારો.
નકલ જાણ માટે :
ગ્રાન્ટ ગણતરી કરતા કર્મચારીઓ તરફ.

RC
જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.